# સામાન્ય ભવિષ્ય નિધિ ના નિયમો

યુ જે હિંડોચા
આસી. કોર્ષ ડાયરેકટર
સચિવાલય તાલીમ કેન્દ્ર
સરદાર પટેલ જાહેર વહીવટ સંસ્થા
ગાંધીનગર

# નિયમો

- અમલ → જી પી એફ નિયમો 01–10–1936 થી અમલમાં આવ્યા છે
- ઉદ્દેશ → કર્મચારીની બચતમાં વધારા દ્વારા તેમના નાણાં તેમની મુશ્કેલીમાં ઉપયોગી બનવાનો છે
- જીપીએફ ઉપાડ, પેશગી , લીંક ઇન્સ્યુરન્સ દરેક માટે નિયત ફોર્મનો જ ઉપયોગ કરવો

# જીપીએફનું સદર

1. 8009-State Provident Fund other than

    01-Civil

    101-GPF/GPF of Class-4/GPF Class-4

2. 8009-State Provident Fund

    01-Civil

    104-All India Service Provident Fund

3. 2235- Social Security and Welfare

    60-Other Social Security Welfare Programme

# નિયમ 2 વ્યાખ્યા (23-06-2000નો નાણાં વિભાગનો ઠરાવ)

- નિયુક્તી માટેની વ્યાખ્યા
  - કુંટુંબ :-

  જૂથ -1
    - પતિ/ પત્નિ
    - અપરણિત પુત્ર
    - પરણિત પુત્ર
    - અપરણિત પુત્રી
    - પરણિત પુત્રી
    - મૃત્યુ પામેલ પુત્રના બાળકો
    - વિધવા પુત્રી,
    - અગાઉ અવસાન પામેલ પુત્રની વિધવા

# કુંટુંબ-૨ :-

- જૂથ -2
  - 18 વર્ષથી નિચેના ભાઇ
  - અપરિણીત બહેનો
  - વિધવા બહેનો
  - પિતા-માતા

# નિયમ 4
# સભ્યપદ કોને મળશે ?

- કાયમી પેન્શનપાત્ર- બિન પેન્શનપાત્ર સેવાના તમામ કર્મચારીને
- હંગામી કર્મચારીને એક વર્ષની નોકરી પુરી કર્યા બાદ
- નિયમિત ખાલી જગા પર નિમણૂક પામેલ કર્મચારીની નિમણૂક એક વર્ષથી વધુ સમય ચાલુ રહેનાર હોય તો નોકરીનું એક વર્ષ પુરુ થયા પહેલા
- ત્રણ વર્ષની નોકરી પૂર્ણ કરેલ કર્મચારી માટે સભ્યપદ અને ફાળાની કપાત ફરજીયાત
- સીપીએફ માં ફાળો ભરનાર જીપીએફ નો સભ્ય થઇ શકે નહિ
- કર્મચારી જીપીએફ નો સભ્ય બન્યો કે નહિ તે જોવાની ફરજ કચેરીના વડાની છે

# સભ્યપદ કોને મળશે-૨ ?

- વૈકલ્પીક નોમીનીની જોગવાઇ
- નોમીનેશન કચેરીના વડાને મળે તે તારીખથી અમલ (નાણા વિભાગના 23-06-2000 ના ઠરાવ ક્રમાંક 4(4))
- નિવૃતિ સમયે નવી નિયુક્તી આપી શકશે
- નોમિનેશન ફોર્મના બે પાના છે જે આગળ-પાછળ છાપેલા હોવા જરુરી છે
- નોમીનેશન સર્વિસબુક માં નોંધવાનું જરુરિ છે

# નિયમ 7 : (નોમીનેશન) નિયુક્તી

- નોમીમેશન એટલે કર્મચારીના મૃત્યુ પ્રસંગે તેના ખાતાની બચત રકમ કોને ચુકવવી તે દર્શાવતો પત્ર
- નોમીનેશન સમયે કુંટુંબની વ્યાખ્યા મુજબ જૂથ 1 ના સભ્ય હોયતો તેની તરફેણમાં નોમીનેશન ફરજીયાત
- જૂથ -1 ના સભ્ય ન હોય તો જૂથ 2 ના સભ્યની તરફેણમાં નોમીનેશન થઇ શકે જે જૂથ-1 ના સભ્ય કુંટુંબમાં દાખલ થયે રદ થશે

# ફાળાની શરતો અને દર (નિયમ 8 થી 12)

- કર્મચારીના પગારમાંથી ફાળાની કપાત
  ક્યારે ન થઇ શકે ?
  - એક માસ કે વધુ સમયની અસાધારણ રજા દરમ્યાન
  - ફરજ મોકૂફી દરમ્યાન
- કર્મચારીના પગારમાંથી ફાળાની ફરજીયાત કપાત ક્યારે થાય ?
  - રજા પગારમાંથી
  - ફરજ મોકૂફી પરથી પરત લેવાતા ફરજ મોકૂફીના સમય દરમ્યાનની ચડેલ ફાળાની મહતમ રકમ કરતા વધે નહિ એટલી રકમ એક સાથે અથવા હપ્તાથી
  - પગાર સુધારણા નિયમ 1998, 2006 અન્વયે મળવાપાત્ર તફાવતની પુરેપુરી રકમ

# ફાળાની શરતો અને દર-૨ (નિયમ 8 થી 12)

- ફાળાની રકમ
  - આખા રુપિયામા
  - મુળ પગારના ઓછામા ઓછા 10% રકમ
  - ફાળો વર્ષ દરમ્યાન
    - એકવાર ઘટાડી શકાય
    - બે વાર વધારી શકાય
    - ઉપર મુજબ વધારી ઘટાડી શકાય
  - મોંઘવારી ભથ્થામાં જેટલીવાર વધારો મળે એટલીવાર જી પી એફમાં  જમા કરાવી શકાય

# નિયમ 13 : વ્યાજ

- જીપીએફ પર ઓછામાં ઓછું 4% વ્યાજ મળશે
- હાલ વ્યાજનો નો દર 8% છે
- જે માસમાં ફાળો જમા કરાવવામાં આવે તે માસનો પહેલો દિવસ જમા તારીખ ગણાશે
- મોંઘવારી ભથ્થાની રકમ જે તારીખથી જમા કરાવવામાં આવશે તે તારીખથી વ્યાજ મળશે

# નિયમ 13 : વ્યાજ-૨

- રજા પગાર/ ફરજ પગાર આકારવામાં મોડું થયુ હોય તો જે માસનો પગાર હશે તે માસમાં જ ફાળો જમા થયેલ છે તેમ માની તેના પર વ્યાજ ચુકવાશે
- જમા સિલક કરતા વધુ ઉપાડ થયેલ હશે તો જે રીતે વ્યાજ જમા અપાય છે તે રીતે વસુલ લેવામાં આવશે

# નિયમ 14 : જીપીએફ માંથી પેશગી

- કોણ મંજુર કરે?
  - કચેરીના વડા → હાથ નિચેના બિન રાજપત્રીત કર્મચારી માટે
  - ખાતાના વડા → હાથ નિચેના રાજપત્રીત કર્મચારી માટે
  - વહીવટી વિભાગ→ ખાતાના વડા સહિત રાજપત્રીત/બિન રાજપત્રીત કર્મચારી માટે
    - ખાસ કિસ્સામાં પોતાના હાથ નીચે કામ કરતા રાજપત્રીત અધિકારીની પેશગી વહીવટી અધિકારી મંજુર કરી શકે

# કેટલી પેશગી મંજુર કરી શકાય ?

- ત્રણ માસનો પગાર
- જમા રકમના 50% } ત્રણમાંથી ઓછી રકમ
- જરુરી રકમ

  - ખાસ કિસ્સામાં 75% પેશગી મળી શકે
  - પેશગી પુરી થયા બાદ 3 માસ બાદ જ નવી પેશગી મળે
  - ખાસ કિસ્સામાં અગાઉની બાકી રહેલ પેશગી સરભર કરી નવી પેશગી મંજુર કરી શકાય
  - વસુલાત 12 કે 24 હપ્તામાં પરંતુ ખાસ કિસ્સામા 36 હપ્તા

!. ૧૪(૧)(ક)૧ માંદગી અને તે અંગે પ્રવાસ ખર્ચ

૨. ૧૪(૧)(ક)૨ આરોગ્ય/શિક્ષણ માટે વિદેશ પ્રવાસ

૩. ૧૪(૨–ક)ક શિક્ષણ ખર્ચ વિદેશમાં ટેકનીકલ ધંધાદારી વ્યવસાયીક અભ્યાસ

૪. ૧૪(૨–ક)ખ શિક્ષણ ખર્ચ ભારતમાં હાઈસ્કુલ પછીના ૩ વર્ષથી વધુના અભ્યાસ ક્રમ માટે.

૫. ૧૪(૩) કર્મચારીના મોભાને અનુરૂપ રૂઢીગત રિવાજો, લગ્ન, મરણ, મોસાળું, ચૌલકર્મ વિગેરે

૬. ૧૪(૪) કાનુની કાર્યવાહી માટે, ફરજના અપકૃત્ય માટે શિક્ષા અંગે સરકારની વિરૂધ્ધ કોર્ટમાં કાર્યવાહી કરવા પેશગી ન મળે.

૭. ૧૪(૫) ગેરવર્તણૂંક માટે સરકારે ફરીયાદ કરી હોય તો બચાવ માટે

૮. ૧૪(૬) હજ યાત્રાના ખર્ચ માટે.

- ૧. ૧૫(ક)(૨)(ક)૧ શિક્ષણ ખર્ચ વિદેશમાં ટેકનીકલ, ધંધાદારી, વ્યવસાયીક અભ્યાસ
- ૨. ૧૫(ક)(૨)(ક)૨ શિક્ષણખર્ચ ભારતમાં હાઈસ્કુલ પછી ૩ વર્ષ કે તેથી વધુનો અભ્યાસ દર સત્ર (છ માસ) માં ૧ વખત
- ૩. ૧૫(ક)(૨)(ખ) વિવાહ/લગ્ન
- ૪. ૧૫(ક)(૨)(ગ) માંદગી અને તે અંગે પ્રવાસ ખર્ચ
- ૫. ૧૫(ક)(૨)(ઘ) જમીનની કિંમત સહિત મકાન બાંધકામ, ફરી બાંધકામ કે સુધારા–વધારા
- ૬. ૧૫(ક)(૨)(ચ) મકાન માટે જમીન ખરીદવા –૧૨ માસ અગાઉ આ હેતુ માટે લીધેલ લોન પરત ભરપાઈ માટે
- ૭. ૧૫(ક)(૨)(છ) (ચ)થી ખરીદેલ મકાન પર જમીન બાંધવા
- ૮. ૧૫(ક)(૨)(જ) ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ/સહકારી મંડળીનું મકાન/ ફ્લેટ ખરીદવા
- ૯. ૧૫(ક)(૨)(ઘ) થી (જ) કર્મચારી પોતાનું/પત્નિનું કે સગીર બાળકોના નામે મકાન ન હોવું જોઈએ. પરંતુ નીચેના કિસ્સામાં સરકાર શરતો હળવી કરી શકશે.
  - ગામમાં મકાન હોય અને શહેરમાં રહેવા માગતા હોય.
  - સંયુકત મકાન હોય અને પોતાનું સ્વતંત્ર મકાન બાંધવું હોય
  - અન્ય અસાધારણ સંજોગોમાં

# નિયમ 15 અંશત: આખરી ઉપાડ

- સરકારી કર્મચારીને 15 વર્ષની નોકરી બાદ
- મકાન ના હેતુ માટે 10 વર્ષની નોકરી બાદ

# કેટલી રકમ મંજુર કરી શકાય ?

- 50% રકમ
- 6 પગાર પૈકી બે માંથી જે ઓછું હોય તે રકમ

ખાસ કિસ્સામાં 75% રકમ મંજુર કરી શકાય

તા.૧૧-૪-૨001 ના ઠરાવ અનુસાર

**મકાન બાંધકામ** પેટે એચ બી એ, જીપીએફ બંન્ને મળી 50 મુળ પગાર રુ. 3,00,000 -૬૫0000

- 50 મુળ પગાર 300000 થી વધુ પરંતુ ૫00000 થી ઓછા -૧૧00000
- 50 મુળ પગાર ૫00000 થી વધુ -૧૮00000

# આખરી ચુકવણા માં વિલંબ નિવારવા માટે નું **R[S ,L:8v!**

તા.૨૫–૫–૯૬ ના નાણા વિભાગના પરિપત્રની સાથેનું જોડાણ

(૧) છેલ્લે કાપેલ જી.પી.એફ. ફાળાની રકમ વાઉચર નં., બીલની કુલ રકમ, મુખ્ય સદર, કુલ રકમ અને ચોખ્ખી રકમ

(૨) જી.પી.એફ. ખાતા નં., ચુકવણાનું સ્થળ

(૩) અવસાનના કિસ્સામાં છેલ્લા પાંચ વર્ષની જીપીએફ સ્લીપ

(૪) નોકરી છોડવાના કિસ્સામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન મંજુર કરવામાં આવેલ પેશગી કે ઉપાડની વિગતો

(૫) છેલ્લા ૧૨ માસ દરમ્યાન હંગામી ઉપાડ કે અંશતઃ આખરી ઉપાડ અંગેની વિગતો

# આખરી ચુકવણા માં વિલંબ નિવારવા માટે નું R[S ,L:8v૨

લેખિત બાંહેધરી – વધુ ચૂકવણું હશે તો પુનઃ ભરપાઈ કરવામાંઆવશે.

રાજાનામાના કિસ્સામાં જો રાજય સરકાર હસ્તકના જાહેર સાહસો કે કેન્દ્ર સરકારની નોકરીમાં જોડાયા હોય તો તે બાબત પ્રમાણિત કરી તેના જીપીએફના હિસાબો રાખનાર અધિકૃત અધિકારીનો હોદ્દો સ્પષ્ટ દર્શાવવો.

ઉચ્ચતર અંગેની માહિતી દર્શાવવી

જો ટ્રેઝરીમાંથી ચૂકવણું મેળવવા ઈચ્છતા હોય તો સહીનો નમૂનો, ઓળખચિહન અને રહેઠાણના સરનામાની વિગત સ્પષ્ટ દર્શાવવી.

# આખરી ચુકવણા માં વિલંબ નિવારવા માટે નું R[S ,L:8v3

અવસાનના કિસ્સામાં ફોર્મ–સી માં વિગતો રજૂ કરવી.

એલટીસી ના કારણે જીપએફમાં જમા થયેલ રકમમાંથી ઉપાડ કરેલ છે કે કેમ તે મતલબનું પ્રમાણપત્ર

અન્ય કોઈ જગ્યાએ પેશગી લીધેલ હોય તેનું ચૂકવણું બાકી નથી તેવું પ્રમાણપત્ર

જી.ઓ. ના કિસ્સામા અરજી એચઓડી મારફત

બધા દસ્તાવેજો ચકાસીને ખાતાના વડાએ પ્રમાણિત કરીને મોકલવા

# જુદા જુદા ઠરાવો દ્વારા ઉપાડ-1

- 03-12-1968→ પોતા અથવા પોતા પર આધારીત કોઇપણ વ્યક્તિના લગ્ન,ઉતરક્રિયા અથવા બીજી વિધિ માટે

  01-02-1971→ શિક્ષણ ખર્ચ માટે

- 16-09-1990→ગંભીર માંદગી કે પ્રસુતિ માટે

# જુદા જુદા ઠરાવો દ્વારા ઉપાડ-2

- 09-06-1995→ ધાર્મીક સ્થળે યાત્રા (નોકરી દરમ્યાન એક વખત
- 28-02-2005 → સંતાનોના અભ્યાસ માટે
  - ધો.10 ધો.11 ધો 12
  - 20000 30000 40000
- નાણા વિભાગના તા. 09-03-2005 ના ઠરાવ અન્વયે ધો 12 (માર્કશીટ રજુ કરવી ) પછી ના ત્રણ વર્ષના અભ્યાસ માટે રૂ. 150000 ની રકમ અથવા ¾ રકમ મળવા પાત્ર છે.

# જુદા જુદા ઠરાવો દ્વારા ઉપાડ-૨

- 01-05-1997→ વપરાશી ચીજ વસ્તુઓ-ટીવી, વીસીઆર, વોશીંગમશીન, ફ્રૂકીંગ રેંજ, કોમ્પુટર વગેરે ખરીદવા રકમ રુ. 30000/-
- 06-11-1999→ નિવૃતિના 12 માસ દરમ્યાન બચતના નાણા ના આયોજન માટે 90% સુધી ઉપાડ કોઇપણ કારણ આપ્યા સિવાય ઉપાડી શકાય

# મોટરકાર માટે પેશગી અથવા અંશત: આખરી ઉપાડ

- 15-07-2004 ના ઠરાવ અન્વયે →
- **કાર પેશગી** –
  જો મુળપગાર રૂ. 10000 થી વધુ હોય તો મળવાપાત્ર રકમ
  વધુમા વધુ 250000/બેલેન્સના ¾ રકમ
- **સ્કુટર,મોટર સાયકલ પેશગી**-
  જો મુળપગાર રૂ.4600 થી વધુ હોય તો મળવાપાત્ર રકમ
  વધુમાવધુ રૂ.30000/બેલેન્સના ¾ રકમ/6 મુળ પગાર
- **મોપેડ પેશગી**-
  જો મુળપગાર રૂ. 3000 થી વધુ હોય તો મળવાપાત્ર રકમ
  વધુમા વધુ રૂ.15000/બેલેન્સના ¾ રકમ

# આખરી ચુકવણી

- નિવૃતી/અવસાન/ રાજીનામાના પ્રસંગે
- આખરી ચુકવણીની અરજી વખતે છેલ્લી સ્લીપનું બેલેન્સ, ફંડમાં જમા કરાવવામાં આવેલ છેલ્લા ફાળાના વાઉચર નં દર્શાવવાના રહે
- આખરી ઉપાડની અરજી મોકલ્યા બાદ કોઇ ઉપાડ કે પેશગી મંજુર કરી ચુકવી શકાય નહિ

# હિસાબો અને પાસબુક

- જીપીએફના હિસાબો
  - વર્ગ-3 અને તેથી ઉપરના અધિકારી/કર્મચારીમાટે એકાઉન્ટન્ટ જનરલ રાજકોટ ની કચેરી દ્વારા નિભાવવામા આવે છે
  - વર્ગ-4 અને રોજમદાર, વર્કચાર્જ ના જીપીએફના હિસાબો નિયામક, પેન્શન અને પ્રો. ફંડની કચેરી દ્વારા નિભાવવામાં આવે છે
  - બચતદારને નાણાકીય વર્ષને અંતે બચરદારની શરુ બાકી + બચત – ઉપાડ + વ્યાજ ની ગણતરી કરી સ્લીપ આપવામાં આવે છે.
  - તે જ રીતે દરેક કચેરીએ દરેક કર્મચારીની પાસબુક નિભાવવાની હોય છે જેમા કર્મચારીની શરુ બાકી વર્ષ દરમ્યાન બચત અને જો કોઇ ઉપાડ હોય તો તેની નોંધ પાસબુક માં કરવાની હોય છે
  - જે તે નાણાકીય વર્ષની સ્લીપ મળ્યા બાદ પાસબુક અને સ્લીપ વચ્ચે જો કોઇ તફાવત આવતો હોય તો તે દૂર કરવામાટે જરુરી એ જી સાથે જરુરી પત્રવ્યવહાર કરી દૂર કરવાનો રહે છે.

# ઉપાડ વખતે તકેદારી

- નાણાં વિભાગના તા. 29/12/2009 ના ઠરાવ અન્વયે ઉપાડ મંજુર કરતી વખતે નીચેની બાબતો ધ્યાને લઇને જ ઉપાડ મંજુર કરવો જોઇએ
  – જી પી એફ ધારકની જમા બેલેન્સ
  – કચેરી દ્વારા નિભાવાતી પાસબુક
  – એ જી કચેરી દ્વારા આપવામાં આવતી જી પી એફ સ્લીપ
- જો બેલેન્સ કરતા વધુ ઉપાડ થયેલ જણાશે તો સંપુર્ણપણે જવાબદારી ઉપાડ અને વહેંચણી અધિકારીની ગણાશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

# જીપીએફ લીન્ક ઇન્સ્યોરન્સ સ્કીમ

- અમલ 01-04-1976
- જે કર્મચારીની
- 1. 5 વર્ષની સેવા પૂરી કરેલ હોય
- 2. ચાલુ નોકરી દરમ્યાન અવસાન થાય અને
- 3. મૃત્યુ અગાઉના 36 માસ દરમ્યાન જી.પી.એફ.એકાઉન્ટમાં ન્યૂનતમ સિલક રાખી હશે તો

લીન્ક ઇન્સ્યોરન્સ સ્કીમનો લાભ મળશે

- તા. 01-04-76 થી 31-12-92 ના સમયગાળાની નોકરી દરમ્યાન અવસાન પામતા કર્મચારીના ખાતામા અવસાન પહેલાના ત્રણ વર્ષની સરેરાશ જમા રકમ હોય તેટલી (વધુમા વધુ 10000) નીચેની શરતો ને આધિન આપવામાં આવે છે.
  - અવસાન પહેલાના ત્રણ વર્ષમાં ન્યૂનતમ જમા રકમ

    વર્ગ -1 5000 વર્ગ -2 3000

    વર્ગ -3 1500 વર્ગ -4 1000

    - નોકરી ઓછામાં ઓછી 5 વર્ષની હોવી જોઇએ

# ઉદાહરણ

- અ નામનો  વર્ગ -3 ના કર્મચારી તા. 31-03-1991 ના રોજ અવસાન પામે છે  તેના જનરલ પ્રો. ફંડ ખાતામાં 01-04-88 થી 31-03-89 સુધીની બાકી રુ. 5000 હતી તા. 01-04-89 થી 31-03-1990 સુધીની બાકી રુ. 4000 હતી અને તા. 01-04-1990 થી 31-03-1991 સુધીની બાકી રુ. 3000 હતી. તેના ખાતામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કોઇ માસમા બાકી રુ. 1500 થી ઓછી થયેલ નથી. તો તેના વારસદારને મળવાપાત્ર રકમની ગણત્રી કરો.

# ગણત્રી

- તા. 01-04-1988 થી 31-03-1989
  - રૂ. 5000 * 12 = 60,000
- તા. 01-04-1989 થી 31-03-1990
  - રૂ. 4000 * 12 = 48,000
- તા. 01-04-1990 થી 31-03-1991
  - રૂ. 3000 * 12 = 36,000

----------

1,44,000

  - રૂ. 1,44,000/ 36 (સરેરાશ) = રૂ. 4000
  - માટે મળવાપાત્ર લીંક ઇન્સુરન્સની રકમ રૂ. 4000

# 01-04-1993 તથા 31-12-2000 વચ્ચે મૃત્યુ પામતા કર્મચારી માટે

- વધુમાં વધુ 30000
- અવસાન પહેલાના 36 માસ દરમ્યાન  નીચે દર્શાવેલ રકમ કરતા ઓછી ન હોવી જોઇએ

| ક્રમ | પગાર | મીનીમમ બેલેન્સ |
|---|---|---|
| 1 | રૂ. 4000 કે તેથી વધુ અધિકતમ પગાર હોય તેવી જગાના ધારકો માટે | 12000 |
| 2 | રૂ. 2900 કે તેથી વધુ પરંતુ 4000 થી ઓછો અધિકતમ પગાર હોય તેવી જગાના ધારકો માટે | 7500 |
| 3 | રૂ. 1152 કે તેથી વધુ પરંતુ 2900 થી ઓછો અધિકતમ પગાર હોય તેવી જગાના ધારકો માટે | 4500 |
| 4 | રૂ. 1151 થી ઓછો અધિકતમ પગાર હોય તેવી જગાના ધારકો માટે | 3000 |

# ઉદાહરણ

- બ નામના  વર્ગ -2 ના કર્મચારી તા. 31-03-1999 ના રોજ અવસાન પામે છે  તેના જનરલ પ્રો. ફંડ ખાતામાં 01-04-96 થી 31-03-97 સુધીની બાકી રુ. 8000 હતી તા. 01-04-97 થી 31-03-1998 સુધીની બાકી રુ. 8500 હતી અને તા. 01-04-1998 થી 31-03-1999 સુધીની બાકી રુ. 9000 હતી. તેના ખાતામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કોઇ માસમા બાકી રુ. 7500 થી ઓછી થયેલ નથી. તો તેના વારસદારને મળવાપાત્ર રકમની ગણત્રી કરો.

# ગણત્રી

- તા. 01-04-1996 થી 31-03-1997
  - રૂ. 8000 * 12 = 96,000
- તા. 01-04-1997 થી 31-03-1998
  - રૂ. 8500 * 12 = 1,02,000
- તા. 01-04-1998 થી 31-03-1999
  - રૂ. 9000 * 12 = 1,08,000

---------

3,06,000

  - રૂ. 3,06,000/ 36 (સરેરાશ) = રૂ. 8500
  - માટે મળવાપાત્ર લીંક ઇન્સ્યુરન્સની રકમ રૂ. 8500

# 01-01-2000 કે ત્યાર પછી મૃત્યુ પામતા કર્મચારી માટે નાણા વિભાગના તા.13-07-2001ના નોટીફીકેશન અન્વયે

- વધુમાં વધુ 60000
- અવસાન પહેલાના 36 માસ દરમ્યાન નીચે દર્શાવેલ રકમ કરતા ઓછી ન હોવી જોઇએ

| ક્રમ | પગાર | મીનીમમ બેલેન્સ |
|---|---|---|
| 1 | રૂ. 12000 કે તેથી વધુ અધિકતમ પગાર હોય તેવી જગાના ધારકો માટે | 25000 |
| 2 | રૂ. 9000 કે તેથી વધુ પરંતુ 12000 થી ઓછો અધિકતમ પગાર હોય તેવી જગાના ધારકો માટે | 15000 |
| 3 | રૂ. 3500 કે તેથી વધુ પરંતુ 9000 થી ઓછો અધિકતમ પગાર હોય તેવી જગાના ધારકો માટે | 10000 |
| 4 | રૂ. 3500 થી ઓછો અધિકતમ પગાર હોય તેવી જગાના ધારકો માટે | 6000 |

# ઉદાહરણ

- क નામના  વર્ગ -1 ના કર્મચારી તા. 31-03-2005 ના રોજ અવસાન પામે છે  તેના જનરલ પ્રો. ફંડ ખાતામાં 01-04-02 થી 31-03-03 સુધીની બાકી રુ. 28000 હતી તા. 01-04-03 થી 31-03-04 સુધીની બાકી રુ. 28500 હતી અને તા. 01-04-04 થી 31-03-05 સુધીની બાકી રુ. 29000 હતી. તેના ખાતામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કોઇ માસમા બાકી રુ. 27500 થી ઓછી થયેલ નથી. તો તેના વારસદારને મળવાપાત્ર રકમની ગણત્રી કરો.

# ગણત્રી

- તા. 01-04-02 થી 31-03-03
  - રૂ. 28000 * 12 = 3,36,000
- તા. 01-04-03 થી 31-03-04
  - રૂ. 28500 * 12 = 3,42,000
- તા. 01-04-04 થી 31-03-05
  - રૂ. 29000 * 12 = 3,48,000

  ----------

  10,26,000

  - રૂ. 10,26,000/ 36 (સરેરાશ) = રૂ. 28500
  - માટે મળવાપાત્ર લીંક ઇન્સ્યુરન્સની રકમ રૂ. 28500

# ઉદાહરણ

- ડ  નામના  વર્ગ –4 ના કર્મચારી તા. 31–03–2005 ના રોજ અવસાન પામે છે તેના જનરલ પ્રો. ફંડ ખાતામાં 01–04–02 થી 31–03–03 સુધીની બાકી રુ. 8000 હતી તા. 01–04–03 થી 31–03–04 સુધીની બાકી રુ. 8500 હતી અને તા. 01–04–04 થી 31–03–05 સુધીની બાકી રુ. 9000 હતી. તેના ખાતામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કોઇ માસમા બાકી રુ. 4500 થી ઓછી થયેલ છે. તો તેના વારસદારને મળવાપાત્ર રકમની ગણત્રી કરો.